અક્ષરનાદ
AksharNaad.com

# ભારેમૂવાંવના ભેરુ

સ્વામી આનંદ
સંપાદક - મહેન્દ્ર મેઘાણી

02-2011
પ્રથમ ઈ - સંસ્કરણ

http://aksharnaad.com




# મૂળ ખિસ્સાપોથી

http://aksharnaad.com

# ભારેમૂવાંવના ભેરુ

સ્વામી આનંદ

સંપાદક - મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર

લોકમિલાપ, પો.બો. 23 સરદારનગર, ભાવનગર 364001

e-mail: lokmilaptrust2000@yahoo.com /ફોન (0278) 256 6402

http://aksharnaad.com

# અક્ષર નાદ

મનુભાઈ પંચોળીએ એક લેખમાં કહેલું કે, "રાજકારણનું પાયાનું જ્ઞાન સહુને મળે તેવા પ્રજાકીય પ્રૌઢ શિક્ષણની જરૂર છે." આ પ્રજાકીય પ્રૌઢ શિક્ષણ મારફત રાજકારણનું એટલેકે એના વિશાળ અર્થમાં સમાજજીવનનું પાયાનું જ્ઞાન લોકો સુધી પહોંચાડવાના એક નાના શા પ્રયત્ન રૂપે આ પુસ્તિકાનું પ્રકાશન થયું છે. આ જાતની બીજી અનેક નાની નાની સુંદર પુસ્તિકાઓ પણ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા બહાર પાડવામાં આવેલી છે. દરેક ખિસ્સાપોથીમાં ૩૨ પાનાં, દરેકની કિંમત રૂ. ૩ અને તેની ૧૦૦ નકલ ફક્ત રૂ. ૨ માં અને ૧૦૦૦ કે તેથી વધુ નકલ ફક્ત રૂ ૧. માં મેળવી શકાય છે. આ પુસ્તિકાઓની નવ લાખથી વધુ નકલો વહેંચાઈ ચૂકી છે.

આ પુસ્તિકાઓ **અક્ષરનાદ.કોમ** વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવાની પરવાનગી આપવા બદલ **શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી**નો જેટલો આભાર માનીએ તેટલો ઓછો જ પડવાનો. આ પુસ્તિકાઓનો, તેમાંના સદવિચાર અને જીવનલક્ષી સાહિત્યનો પ્રચાર, પ્રસાર અને વાંચન તથા મનન થાય તેવી તેમની ઈચ્છા ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પૂર્ણ કરવાની તક અમને મળી તે માટે અમે સદભાગી છીએ.

ઈન્ટરનેટ જેવા વિશાળ, સાર્વત્રિક અને અનેક ક્ષમતાઓ ધરાવતા માધ્યમ પર આ પુસ્તિકાઓ મૂકવાની **શ્રી ગોપાલભાઈ પારેખ**ની મહીનાઓથી સેવેલી ઈચ્છા (http://gopalparekh.wordpress.com) અને અમને તેના માટે સત્તત પ્રોત્સાહન આપતા રહેવાની વૃત્તિ આનું મુખ્ય કારણ છે. આવી અનેક પુસ્તિકાઓ અક્ષરનાદ પર આવતી રહેશે. પ્રેરણાદાયી જીવનચરિત્રો, મનનીય કૃતિઓ અને જીવનલક્ષી

સાહિત્યનું આ એક નવું સોપાન છે. આશા છે આ પ્રયત્નનો લાભ મહત્તમ વાંચક મિત્રો સુધી પહોંચશે.

**- જીજ્ઞેશ અધ્યારૂ (03 ફેબ્રુઆરી 2010)**

## ઈ – સંસ્કરણ

તારીખ ૧૬ માર્ચ ૨૦૧૦ના રોજ અક્ષરનાદ પર પ્રથમ ઈ પુસ્તક ડાઉનલોડ માટે ખુલ્લુ મૂકેલું, એ પછી વિવિધ ઈ-પુસ્તકો મૂકાતા રહ્યાં છે અને સતત ડાઉનલોડ પણ થતાં રહ્યાં છે. આ જ શ્રેણી આગળ વધારતા સ્વામી આનંદનું આ સુંદર પુસ્તક પ્રસ્તુત કરતા અનેરા હર્ષની લાગણી થાય છે. આજ સુધીમાં (3-02-

2010) બધા ઈ-પુસ્તકો મળીને ડાઉનલોડ સંખ્યા 16000 સુધી પહોંચી છે, જે ઘણો સંતોષકારક અંક છે. આવો સરસ આવકાર મળ્યો એ બદલ અક્ષરનાદના સર્વે વાંચકમિત્રો અને શુભેચ્છકોનો આભાર માનવું અત્રે ઉચિત સમજું છું. પ્રથમ ઈ-પુસ્તકથી લઈને અહીં સુધીની સફરમાં પુસ્તકના સ્વરૂપમાં અનેક સુધારાઓ કર્યા છે અને તેનો દેખાવ તથા ગોઠવણી નક્કીકરી, નાની ભૂલો સુધારી પુસ્તક લે-આઊટને વ્યવસ્થિત કરી, ઈ-પુસ્તકનું આગવું સ્વરૂપ આપ્યું છે. આશા છે વાંચકમિત્રોને આ નવું સ્વરૂપ પણ પસંદ આવશે. અક્ષરનાદ.કોમ વેબસાઈટના ડાઊનલોડ વિભાગમાં આવા અન્ય પુસ્તકો પણ ડાઊનલોડ માટે ઉપલબ્ધ છે, એ માટે જાઓ http://aksharnaad.com/downloads

**- જીજ્ઞેશ અધ્યારૂ**

સ્વામી આનંદના સર્જન પાસે જતા પહેલાં તેમને ઓળખવાનો પ્રયત્ન કરીએ.

## એક એક શબ્દ માટે જીવ કાઢી નાખનાર - ઉમાશંકર જોશી

સ્વામી આનંદ ગુજરાતીના એક અચ્છા ગદ્યકાર તરીકે લાંબા કાળ સુધી જીવે એવી ઉત્તમ કૃતિઓ એમની પાસેથી મળી છે. લખાણને સંઘેડાઉતાર બનાવવા મથનાર, એક એક શબ્દ માટે જીવ કાઢી નાખનાર, એમના જેવા ચીવટવાળા લેખકો કોઇક જ જોયા છે. ગુજરાતી જ નહીં, અંગ્રેજી - મરાઠી ઉપર પણ સ્વામી આનંદનું એટલું જ પ્રભુત્વ હતું. સ્વામીજીની ગળથૂથીમાં સૌરાષ્ટ્રની ગ્રામભાષા, પછી થાણા જિલ્લામાં કામ કર્યું એટલે ત્યાંની લોકભાષા પણ એમની જીભે અને સુરત જિલ્લાની પણ. આમ,

સ્વામીજીની ભાષા પંચકણકી જેવી બની રહી. પણ જે શબ્દ એ યોજે તે વાક્યલય, ભાવસંદર્ભ, સમગ્રાર્થ, બધી દૃષ્ટિએ 'ચોટડૂક' હોય. જુસ્સો ઊછળતો અને ભાષારિધ્ધિ અઢળક, એટલે સહેજે એમની શૈલી ઓઘવતી બની રહી. વાંચનાર તેમાં તણાય.

સ્વામી આનંદ મરમી જીવનના ફુવારા સમા હતા. એમના બાલસહજ નિર્દોષ વાર્તાલાપમાં સૂક્ષ્મ માર્મિક વાતો ઊભરાતી, એના હૃદયસ્પર્શી પૂર્ણ સૌન્દર્ય સાથે. એક મોડી રાતે એક સાંઇ ફકીરની વાત કરી રહ્યા હતા : "મહારાષ્ટ્રમાં નાના ગામડામાં ગામ છેડે તૂટીફૂટી ઝૂંપડીમાં ફકીર રહેતા. હું જાઉં એટલે કહે, બચ્ચા, પેલું વાંચ. છાપરીમાંથી ફાટેલી ચોપડી કાઢી મારે હંમેશાં એની એ વાત વાંચવાની : મહમ્મદ પયગંબર સાહેબને કોઇ માણસ વાટમાં મળે અને પહેલો હાથ એમણે એની

તરફ લંબાવ્યો ન હોય એવું કદી ન બને. આ વાક્ય સાંભળે એટલે ફકીરનો જીર્ણ દેહ ખડો થાય અને એ ‘હાં રે મેરે વલ્લા !’ ગાતા જાય અને નાચતા જાય.”

આ વાત કહેતાં કહેતાં, ખબરે પડે તે પહેલાં, સ્વામી આનંદ પોતે ”હાં મેરે વલ્લા !” ગાતાં ગાતાં નાચવા માંડ્યા. ધન્ય પ્રેક્ષકવૃંદમાં અમે પતિપત્ની જ હતાં. આંખો સમક્ષ હતું પ્રેમઆનંદનું વૈશ્વિક નૃત્ય.

## આનંદપુરુષનું ગર્ભશ્રીમંત ગદ્ય - સુરેશ દલાલ

નામ: હિંમતલાલ રામચંદ્ર મહાશંકર દવે.

જન્મ: સૌરાષ્ટ્રના ઝાલાવાડના શિયાણી ગામે.

જન્મસાલ : 1887, મરણ: 1976 ના જાન્યુઆરીની 25મીએ.

નાનપણથી જ ઓલિયા ફકીર જેવા. આંતરસાહસ ને નિર્ભયતા એમનાં કવચ અને કુંડળ. માતા પાસે અખૂટ ભાષાસમૃધ્ધિ - ભણેલાં નહોતાં છતાંયે. એમના જીવન પર સૌથી વિશેષ પ્રભાવ માતાનો. મુંબઇની ગિરગામ લત્તામાં એમનો ઉછેર થયો. મરાઠી શીખ્યા. પછી ગુજરાતી; રીતસરનું શિક્ષણ લીધેલું જ નહીં.

સ્વામી આનંદ એટલે ગુજરાતી ગદ્યની અલાયદી ઇજ્જત. એમના ગદ્યના ઘડતરની પાછળ જીવનનો એક વિરાટ અને વ્યાપક, ઊંડો અને અખિલાઇભર્યો અનુભવ છે. ઉત્તમ, મધ્યમ અને અધમ અનેક પ્રકારના માનવીઓના સંસારને એમણે અંતરની આંખે નિહાળ્યો છે, અને આ બધું એમની અંતરવહીમાં આપમેળે નોંધાઇને વર્ષો સુધી પડ્યું રહ્યું હતું. એમણે તો સહેજ અનાયાસે કલમ ઉઠાવી અને આપણી પાસે એમનું સાહિત્ય તણખાને સ્પર્શે ઘાસની ગંજી પ્રજવલી ઊઠે એમ, પ્રગટયું.

એમની કલમમાં વાવાઝોડાનો વેગ છે. ગોવર્ધનરામનું પાંડિત્યપ્રચુર ગદ્ય, મુનશીનું નાટ્યાત્મક ગદ્ય, ગાંધીજીનું સરલ અને સોંસરવું ગદ્ય, મેઘાણી-પન્નાલાલ-મડિયાનું તળપદું ગદ્ય, રમણલાલ-દર્શકનું ગાંધીપ્રેરિત ભાવનાશીલ ગદ્ય, કાકા કાલેલકર -

સુરેશ જોષીનું કાવ્યમય ગદ્ય - આ બધાંની વચ્ચે કન્યાકુમારી પાસેના સમુદ્રમાંના વિવેકાનંદ - ખડક જેવું સ્વામી આનંદનું ગદ્ય જુદું પડી આવે છે.

સ્વામી આનંદનું ગદ્ય ગામઠી છે, પણ ગામડિયું નથી. તળપદું છે, પણ એમાં તળપદાવેડા નથી. પહાડી છે પણ પથ્થરિયું નથી. આર્દ્ર છે, પણ પોચટ નથી. શીલમાંથી પ્રકટેલી શૈલી છે, પણ શૈલીની કોઇ સભાનતા નથી. બોલાતી ભાષાનો રણકો છે. ગહન છે, પણ પાંડિત્યનો ભાર નથી. જ્ઞાનનું દર્શન છે, પણ પ્રદર્શન નથી. એમનું ગદ્ય ગર્ભશ્રીમંત છે. પણ ઠાઠ - ઠઠારા વિનાનું. અહીં વૈભવ છે, પણ સાદગી અને સરળતાનો. સવારના પહોરમાં ગાંધીજી જે ગતિથી ચાલતા એવી ગતિશીલ સ્ફૂર્તિ એમના ગદ્યમાં છે.

## અગ્નિ-વીણા - નારાયણ દેસાઇ

કાઝી નઝરૂલ ઇસ્લામના પ્રસિધ્ધ કાવ્યગ્રંથનું નામ છે 'અગ્નિવીણા'. સ્વામી આનંદની પ્રતિભામાં અગ્નિની પાવનકારી શક્તિ અને વીણાના માધુર્યનું મિલન હતું.

'અંત્યજ' કે આદિવાસી પ્રત્યે થતો અન્યાય, બનાવટી સાધુઓનો દંભ, સંકુચિત પ્રાંતવાદ, અંગ્રેજોનો સામ્રાજ્યવાદ, સ્વરાજ પછીના ઘૌંવર્ણા સાહેબોના ડોળદમામ અને ભ્રષ્ટાચાર, રચનાત્મક કાર્યકર્તાઓની જડતા - નિષ્ક્રિયતા કે રાજ્યાશ્રિતતા, અણુબોંબ કે જંતુયુધ્ધની ભીષણતા, સભ્યત અને પ્રગતિને નામે પ્રકૃતિ પર ગુજારાતો અત્યાચાર - આ તમામ બાબતો સ્વામીની અસિધારાના વારના વિષયો હતા. એક

સૈકામાં અગિયાર ઓછા વરસના એમના દીર્ઘ જીવનના વરસે વરસના ત્રણસો પાંસઠ દિવસમાં ભાગ્યે જ કોઇ એવો દિવસ ગયો હશે કે જ્યારે સ્વામીના અગ્નિના તણખા નહીં ઝર્યા હોય.

બીજી બાજુ એમનું માધુર્ય, વાત્સલ્ય કે કરુણાના ધોધરૂપે સદા ધસમસતું રહ્યું છે. દશ વર્ષની વયે ભગવાનનાં દર્શનના લોભે ઘર છોડી નીકળી પડેલા, તે રખડુ સાધુઓની સંગતમાં ચેલાઓ ઉપર થતી જોહુકમી અને જુલમ જોઇ કે ભીખ માંગવામાં ઉપયોગી નીવડે એટલા સારુ કુમળાં બાળકોની આંખો ખુદ માતા-પિતાને જ જાતે ફોડી નાખતાં જોઇને એમનું હૈયું દ્રવી ઊઠેલું. એ દૃશ્યની કરુણતા આખી જિંદગી સુધી ભૂલી ન શક્યા.

આખા દેશને નવું જીવન આપનાર 'નવજીવન' ના અંકો તૈયાર કરવામાં જેમનું સ્થાન ગાંધીજી પછી બીજે નંબરે આવે એમ હતું, જેમણે ગોસેવા સંઘનું મંત્રીપદ શોભાવેલું અને કસ્તૂરબા ટ્રસ્ટનો પાયો નાખેલો, બિહારના ભૂકંપ વખતે જેમણે ગુજરાતની રાહત ટુકડીની આગેવાની કરેલી, ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે જેમણે નિરાશ્રિતોની સેવા ઘરના માણસની જેમ કરેલી, તેમને આજે લોકો આટલું ઓછું કેમ જાણે છે? સ્વામી અવિખ્યાત રહ્યા તેનું સાચું કારણ એ છે કે સંસારી વસ્ત્રોમાં હોવા છતાં તેઓ આજન્મ સંન્યાસી જ હતા. પોતાના સહજ સંન્યાસમાં એમણે પોતાની નામનાને ડુબાડી દીધી હતી. તેથી જ ગાંધીજીના આંદોલનના વાજતા ને ગાજતા દિવસોમાં પણ સ્વામી તમને મંચ પર બિરાજેલા ન દેખાત. એ તો હોય કોઇ

ટ્રેડલ પ્રેસ ચલાવતા, બીબાં ગોઠવતા, પ્રૂફ જોતા, કોષો ઊથલાવતા કે ચોક્કસ ઉધ્ધરણોનાં મૂળ શોધતા. એમની મિજબાની તો ચાલતી હોય ઘોડાગાડીમાં બેસીને ચણા ફાકવામાં કે બિહારનાં ગામડાંઓમાં રખડતાં પ્રેમથી સત્તૂ આરોગવામાં.

* * * * *

ગુજરાતમાં માથાભારે બે કોમ; લેવા (પાટીદાર) અને અનાવલા. બેઉ પાચ્છા (બાદશા) જ કહેવાય. ખેતીમાં બારૈયાં, હરિજન, દૂબળાંને રોળવી ખાવાં, કુળવાન પણાની એંટમાં ટાણે અવસરે ખુવાર થવું અને ગામવસ્તી બધીને નાન્યતર જાતિ ગણીને સંબોધવી, - આવું અરધી સદી અગાઉનું આ ઉપલી કહેવાતી કોમોનું જીવન હતું.

છોટુભાઇ એ જ જમાનાની નીપજ. ગામડા ગામ (દીહણ, તા. ઓલપાડ, જિ. સુરત) માં તોફાને ચડેલ બળદને શીંગડું ઝાલી ઊભો રાખવો, કાં એની જોડે ખેતરેથી ગામ ભાગોળ સુધી ઢસડાવું પણ શીંગડું ન મેલવું; બળદ હાથ ન આવે ત્યારે એની જગાએ જાતે હળે જુતાવું; અંગ્રેજી નિશાળના માસ્તર મણિકાકાની તાજી વઢાવી મંગાવેલ

એકથી વધુ સોટીઓ હાથની હથેળી પર પડી પડી ભાંગીને ખલસ થાય, ને કાકો હારીને બેવડા ગુસ્સામાં બેઉ હાથે છોટુભાઇને માથું પકડી ભીંત જોડે ભડભડ અફાળે, તોય રડ્યા વગર કે મોઢેથી ઉંકારો સરખો કર્યા વગર કેવળ હોઠ ભીંસીને ઊભા રહેવું; માંદાની દવા-દાકતરનું બહાનું ખોળી ગામપટેલની ઘોડી પર દીહણથી સુરતના સેલસપાટા લગાવવા; એવાં એમનાં કિશોરવયનાં પરાક્રમો હતાં.

મેટ્રિક પહોંચ્યા ને પાસ થયા. દેશ બધામાં રેલવેઓ નંખાઇ. તે પછીનો આ જમાનો. અનાવલ તત્તણ ચચ્ચાર ચોપડીઓ અંગ્રેજી ભણીભણીને સાચીખોટી જનમ-તારીખો, પરીક્ષાઓ અને સર્ટિફિકેટોને જોરે મંડ્યા રેલવેમાં તાર ટિકિટ-માસ્તરમાં ભરતી થવા.

છોટુભાઇ એ જ ઘરેડે ચડ્યા. એમના જેવો લડાકુ મેં બીજો ન જોયો. કોઇ પણ નાનોમોટો અન્યાય હરકોઇને પણ થતો ભાળ્યો, કે એનો કજિયો પોતે વેચાતો લીધો જ છે ! રેલ-જીવનનાં બધાં વરસ એવા જ ઝઘડાઓમાં વિતાવ્યાં. ચોર વેપારીઓ, જાલીમ કંટ્રાટીઓ, લાંચિયા અમલદારો અને ભલભલા ગોરા ઉપરીઓના રૂઆબ એમણે ઉતાર્યા.

ટાપ્ટી લાઇન પર ચીંચપાડા સ્ટેશને પોતે આસિસ્ટંટ માસ્તર. અહીં પારડી ભણીનો એક સરકારી કૉંટ્રાક્ટર રેલવે અમલદારોની ભાઇબંધી રાખી ધૂમ ચોરીઓ કરે. આસપાસની ભીલવસ્તીનાં બળદગાડાં વેઠે પકડે. કામ કરાવી ભાડાની ચિઠ્ઠી ફાડી આપે. અને પેલા પૈસા લેવા જાય ત્યારે ચિઠ્ઠી ખૂંચવી લઇ ગલ દઇને કે મારી-

ધમકાવીને કાઢી મૂકે ! ભીલાડ સંજાણ બાજુથી સો સો આદિવાસી મજૂરોને પોતાના કામ સારુ અઠવાડિયે પખવાડિયે રેલમાં વગર ટિકિટે લઇ આવે. ગાર્ડ માસ્તર સાધેલા. છોટુભાઇએ પહેલે જ તડાકે 120 જણ વગર ટિકિટના પકડ્યા :

"કેમ લાવ્યો ? તારો રિપોર્ટ કરું છું," કહી ગાર્ડને દબડાવ્યો, ને સંજાણથી ચીંચપાડા લગીનું 120 માણસનું રેલ ભાડું પેનલ્ટી સાથે ઓકાવ્યું !

પેલો કંટ્રાટી રાતોપીળો થઇ ગયો:

"માસ્તર ! ક્યાંથી આવ્યો છ ? મને ઓલખો છો કે ? કેટલા દિવસ નોકરી કરવી છ ?"

“જે ગામની બોરડી તે જ ગામનો બાવળિયો. અગાઉની ઓળખ તો યાદ આવતી ની મલે. પણ આજે ઓળખ્યા. અને જુઓ ને, નોકરી તો કેટલા  દિવસ કરવી છે તે મારા મુંબઇના  ઉપરી અમલદારને પુછાવીને કે’વા.”

નોકરીમાં દાખલ થયાના  દિવસથી રેલવે વહીવટ અને ખાતાના અમલદરો સામે એમણે જે શીંગડાં માંડેલાં, તે છેક નોકરી છૂટી ત્યાં સુધી જેવાં ને તેવાં કાયમ રહ્યાં. અંતે સત્તાવાળાઓએ એમનાથી હારીને ‘તુમાખી, તુંદમિજાજી, ઉધ્ધત છે’ એવાં કંઇ કંઇ બહાનાં હેઠળ રેલવેની નોકરીમાંથી એમને બરતરફ કર્યા.

* * *

આ બરતરફીનો હુકમ મળ્યો તેને બીજે જ દિવસથી છોટુભાઇએ તે કાળના ગુજરાત કૉંગ્રેસના મુખી વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા હેઠળ મણિલાલ કોઠારીએ સ્થાપેલી બી. બી. એન્ડ સી. આઇ. રેલવેના નોકરોની યુનિયનમાં એમના જોડીદાર મંત્રીનું કામ લીધું, અને ઠેઠ કાસગંજ, મથુરા, આગ્રા, જયપુર, રેવાડી સુધીની આખી લાઇન ઉપર એંજિન ડ્રાઇવરોના સંગઠનનું કામ ઉપાડી લીધું.

બરતરફી અંગે પણ લખાપટી દ્વારા દોઢેક વરસ લડીને અંતે એમણે પોતાની સામે સત્તાવાળાઓએ કરેલં તમામ આળ - તહોમત પાછાં ખેંચાવડાવ્યાં, બરતરફીના

હુકમો રદ કરવાની ફરજ પાડી, અને માનપાન પ્રસંસા ને નોકરીના તમામ હકદાવાઓ સહિત મૂળ નોકરીની જગાએ પાછી બહાલીના હુકમો મેળવ્યા !

પણ પછી નોકરી ઉપર રજૂ ન થતાં લખ્યું :

“હું તો તમે લોકોએ મને કરેલા અન્યાય સામે લડવા ખાતર જ લડ્યો હતો; મારે તો હવે જાહેર કામ જ કરવું છે.” એમ જણાવી નોકરીનું રાજીનામું લખી મોકલ્યું.

1934 ના આરંભથી થાણા જિલ્લાના જંગલપ્રદેશોમાં વસતાં આદિવાસીઓની સેવાનું કામ શરૂ કર્યું. થાણા જિલ્લો એટલે દમણગંગાથી વસઇની ખાડી સુધીની દક્ષિણ ગુજરાતના ઘૂંટણથી પાની સુધીનો અરબી સમુદ્રકાંઠ અને સહ્યાદ્રિની ભીંત

વચ્ચે આવેલો પ્રદેશ. ડુંગરા, દરિયા - ખાડીઓ અને ઘીચ જંગલોથી ભરપુર. 40 ટકા વસ્તી વારલી કાથોડી અને બીજી આદિવાસી રાનીપરજોની.

ત્રણ મહિના પગપાળા ફરીને જંગલ વિભાગના એક એક ગામની એમણે તપાસ મેળવી. ક્યાંએ કોઇ વારલી કાથોડી ઉપર જુલમ થયાનું સાંભળ્યું કે ઊભા હોય ત્યાંથી એમ ને એમ ચાલવા માંડે. સામું મળે તેને કહી દે :

“લગાર આશ્રમમાં જઇને કહી દેજો કે છોટુભાઇ જંગલપટ્ટીમાં તપાસે ગયા છે.”

પછી તો સાંજ-સવાર, રાત-દિવસ, ટાંગો, ગાડું કે ગુડિયાવેલ કશું ન જુએ. ન ખાવાનાં ઠેકાણાં, ન સૂવાનાં. નહાવા-ધોવા, નિચોવવા - બદલવાનું તો સાથે લઇ જ શેના

ગયા હોય ? થાણાનાં જંગલોમાં 125 ઇંચ વરસાદ પડે; ને ઉનાળે 110 ડિગ્રી તાપ. રાતને પહોર પણ ડુંગરા ઉના નિસાસા નાંખતા હોય. આવાં હવાપાણી હેઠળ રાતદિવસ રવડે. ક્યાંક ખાવાપીવા ભેટ્યું તો રણના ઊંટની જેમ ત્રણ-ચાર દિવસનું સામટું પેટની કોથળીમાં ભરી લે. ન મળ્યું તો ખેરસલ્લા. ભૂખ્યા-તરસ્યા આથડે. બબ્બે તત્તણ, કેટલી વાર તો ચચ્ચાર દિવસે નહાયાધોયા વગરના, ધૂળે મેલાંદાટ કપડાંમાં ઓળખાય નહિ એવાં લેલાં-મજલુ દેદાર લઇને ઘેર આવે !

* * *

છોટુભાઇને નિશાળો, સોસાઇટીઓ, ‘અરજાં કરવાં’ એવાં એવાં ‘રચનાત્મક’ કામોમાં બહુ રસ ‘ની મલે’ . જુલમ અન્યાયને શિકારી કૂતરાની અદાથી શોધી પકડવાં, એ સામે લડવું. અને લોકોનાં બીક ધાક તોડીતગેડીને એમને લડતાં શીખવવું એ એમના જીવતરનો શ્વાસોચ્છવાસ હતો. તાલુકાઓમાં ફોજદારી કેસો સાચાખોટા ચાલતા હોય, નાનામોટા અમલદારો બનાવટી પુરાવા કરીને આદિવાસીઓને જેલનાં ભાતાં બંધાવતા હોય, કોઇનાં જમીન ખેતર સાચેખોટે આધારે ઉજળિયાત કે વેપારી કંટ્રાટીએ પડાવી લીધાં હોય. અમલદારો જુલમખોરોની ભેર કરતા હોય -એવાઓની પાછળ પડે. એમનાં ને એમનાં સાગરીતોનાં કરેલાં ’ફૂંડાળાં’ બધાં આગલા -

પાછળા ધાગાદોરા સહિત 'આભને હેઠું ઊંચું કરીને' ખોળી કાઢે. નિસ્બત ધરાવનારા ન ધરાવનારા અમલદારોને મળે. પુરાવા દારૂગોળો બધું ગજવામાં રાખીને પેલા જોડે નરમાશ નમનતાઇથી વાત કરે. એનું વલણ પારખી લે. જો પેલો સીધો ન દેખાયો, તો આંખ બતાવી ગજવાનું એકાદ 'કાનખજૂરું' કાઢી દેખાડે; ને પેલો ત્રાહિમામ કરે તો કર્યા કરમનો પસ્તાવો અને અન્યાય થયો હોય તેને ભરપૂર વળતર 'પાકે પાયે' કરાવ્યા પછી છોડે; બલ્કે જૂઠું બોલ્યા વગર બચવાની નાઠાબારી પણ દેખાડે.

એકવાર એક આદિવાસીના ખૂનની તપાસમાં એમણે કલ્યાણના કોઇ પોલીસ-અમલદાર પાસે એક બાઇને મોકલી. ચિઠ્ઠી લખી આપી :

“આ બાઇનું કહેવું (ફલાણા) ખૂનની તપાસ ચાલે છે એમાં મહત્ત્વની કડી નીવડે એવું લાગે છે. એને સાંભળી લઇને ઘટતી તપાસ કરજો !”

બાઇને કલ્યાણ જવા સારુ ગાડીભાડાના આઠ આના પણ જાતવળતના આપ્યા.

યથાકાળે થાણાની સેશન કોર્ટમાં કેસ આવ્યો ત્યારે છોટુભાઇની સાક્ષી.

જજે જાતે છોટુભાઇને ક્રોસ કરવા માંડ્યા. કોર્ટમાં, લોબીમાં ને આસપાસની બીજી બધી કોર્ટોમાં બૂમ મચી ગઇ ! નવરા વકીલો બધા સાંભળવા દોડ્યા !

“પેલો ગાંડો જજ કલ્યાણવાળા કાથોડી કેસમાં છોટુભાઇને ક્રોસ કરે છે ! ચલા ચલા ઐકાયલા. યેથેં કાય બસલા આહાં ? દોઘેહિ ડોકેશીરૂ (માથાફરેલ). કોણ કોણાચી માત કરતો હોય, બઘૂન ઘ્યા મજા !”

ગામબજારથી પણ લોક દોડ્યું. કોર્ટરૂમ ચિક્કાર.

છોટુભાઇએ પૈસા આપીને બાઇને પોલીસથાણે મોકલી અને ઉપરથી અમલદારને ચિઠ્ઠી લખી, તે ઉપર જજે ટીકા કરવા માંડી :

”તમારે તપાસ જોડે એવો શો રસ, તે બાઇને ગાંઠના પૈસા આપીને કલ્યાણ મોકલી ?”

”અલબત્ત, પૈસા આપીને મોકલી. નહિ તો બચારી કેવી રીતે જાત ? એના ખોપટા (ફૂબા)માં હું ગયો, ત્યારે બાપડીએ ઢાંચલું રાંધેલું તે પણ હાંલ્લું ફૂટેલું તેથી ઢોળાઇ ગયેલું. હાંલ્લાનો કાંઠો પોતે ચાટતી હતી, ને ભોંય ઢોળાયેલું ફૂતરું ચાટતું હતું. એણે કલ્યાણ પહોંચવું કેમ કરીને ? મારે તો એની દિવસની મજૂરી ડૂબી તે પણ એને આપવી જોઈતી હતી. પણ મારા ખિસ્સામાં આઠ જ આના. તેટલા આપ્યા ટિકિટ પૂરતા. સાંજે થાકીપાકી આવીને બાપડી ભૂખી સૂતી હશે, ને વળતે દહાડે ય સાંજે મજૂરી રળીને આવી હશે ત્યાં સુધી ઢાંચલું નહિ પામી હોય.”

“પણ તમારાથી આવો રસ તપાસમાં કેમ લેવાય ? એમાં શંકા ન પડે કે તપાસમાં તમારો કંઇક છૂપો મતલબ હતો?”

”છૂપો નહિ - સાવ ઉઘાડો. ધડધડીત ધોળા દિવસ જેવો. કોરટન આ થાંભલા જેવો - કે અદલ ઈન્સાફને મદદ કરવી. એમાં ગુનો શો કર્યો ? Ends of justice (એંડ્ઝ ઓફ જસ્ટીસ) ને મદદ કરવાની એક નાગરિકની ફરજ જેવું કશું કાયદામાં ખરું કે નહિ?”

”પણ તમે તો વળી પોલીસ અમલદાર ઉપર ચિઠ્ઠો લખ્યો ? તમે તે પોતાને હિંદુસ્તાનના ગવરનર જનરલ સમજો છો કે શું ?”

”તમે ભીંત ભૂલ્યા. હું મને તેવો ગણતો હોત તો સીધું ફરમાવત :

Hang him (હેંગ હિમ) [એને ફાંસીએ ચડાવો]. પણ મેં તો લખ્યું; આની હકીકત સાંભળી લેજો, ને Please investigate (પ્લીઝ ઈન્વેસ્ટીગેટ).”

પોણો કલાક ચૂંથ્યા. ડેવીસ જડજ ધૂની માણસ ગણાતો. પણ ભૂટકાયો છોટુભાઇ જોડે.

ભલા માંધાતાને ગાંજ્યા ન જાય, ત્યાં બચાડા સેશન જડજના શા પાડ? મોઢામાં આગળાં ઘલાવ્યાં.

અંતે પેલો કહે :

”Mr. Desai, I am gratified, I am more than satisfied. You are a remarkable man. I wish there were more social workers of your type in

this country.” [મિસ્ટર દેસાઇ, હું સંતુષ્ટ થયો છું, તૃપ્ત બન્યો છું. તમે કોઇ અસાધારણ વ્યક્તિ છો. તમારા જેવા વધુ સામાજિક કાર્યકરો આ દેશમાં હોય, તેમ હું ઇચ્છું છું.]

* * *

બાબા મલંગના ઢોળાવોનાં જંગલ નજીકનું એક મહેનતુ કાથોડી કુટુંબ વરસોથી અંબરનાથ નજીક ઘાસફૂસનાં છાપરાં પાડીને વસેલું. માળ (ઊંચાણ) જમીન પર ક્યારી પાડીને ખેતી કરે. જમીન-છાપરાં એને નામે. પાડોશમાં એક દખણી બામણ ભેંસો રાખીને દૂધનો વેપાર કરે. બપોર મધરાતની લોકલોમાં એના દૂધના હાંડા

મુંબઇ જાય. એની ભેંસો દિવસરાત આજુબાજુનાં ડુંગરાળ મેદાનો અને ઢોળાવો પર ચરે. ભાઉ કાથોડીનાં છાપરાંવાળા મેદાનો પર એનો ડોળો. કળેવળે કલ્યાણના ઉજળિયાત બામણ અમલદારો પર લાગવગ ચલાવીને એણે ભાઉ કાથોડી ઉપર ખોટો કેસ કરાવ્યો, ને છાપરાંવાળી જમીન એની નથી એવો રિપોર્ટ કરાવી સરકારી રાહે એનાં છાપરાં ઉખાડી ફેંકી દેવડાવ્યાં ! બાપડાનાં બૈરાંછોકરાં ઝાડ હેઠળ.

છોટુભાઇ ક્યાંક મુંબરા કૌસા પનવેલ બાજુ ફરતી પર. રસ્તે જંગલને કામે જતા વારલી, કાથોડી, મજૂરો જે મળ્યું તેની જોડે વાતો તો હંમેશાં કરે જ. તેવા કોઇને મોઢેથી સાંભળ્યું કે આગલે દિવસે અંબરનાથના કોઇ કાથોડી કુટુંબ ઉપર જુલમ થયો, ને પોલીસે એનાં છાપરાં પીંખી નાંખ્યાં છે !

સાંભળ્યું તેવા જ રસ્તેથી પાછા વળ્યા. કૌસામાં પ્યારેઅલી શેઠની વાડીએથી કશુંક વાહન મેળવી ટ્રેન પકડી સીધા અંબરનાથ પહોંચ્યા. ત્યાં કેમિકલ કારખાનાવાળા ભાઉસાહેબ અમારા સૌના જાની દોસ્ત. ભાળ કાઢીને તરત જ પહોંચ્યા ભાઉ કાથોડીની જગા પર. બાપડાના બૈરાંછોકરાં ઝાડ તળે બેઠાં રૂવે. તોડી ફેંકેલ છાપરાંના ભંગારનો ઢગલો થોડે દૂર પડ્યો આ ગરીબ આદિવાસી કુટુંબ ઉપર ગુજરેલા સિતમની ચાડી ખાય. પોલીસના માણસો તો ભાંગીતોડીને આગલે દિવસે ચાલી ગયેલા. ભાઉની કેફીઅત, ને ભાઉસાહેબનું સ્ટેટમેન્ટ લઇ સીધા કલ્યાણ પહોંચ્યા, ને ‘કાગળિયાં કરી’ અડતાલીશ કલાકે આશ્રમ આવ્યા.

મહિનાઓ સુધી ભાઉ કાથોડી ને કલ્યાણ કર્યાં કીધાં. એક કોઠામાં બત્રીસ કોઠાની જેમ કલ્યાણના કૈક નાનામોટા અમલદારોનાં ‘ફૂંડાળાં’ ખોળી-ખોતરી કાઢ્યાં. કૈકને છોટુભાઈ નેપાળાના રેચ નીવડ્યા. અંતે ભાઉ કાથોડીની જમીન, એના તરફથી સરકારને ભરાતો ટેક્સ, બામણ અમલદારોની પેલા દૂધના બામણ વેપારીને થયેલી ગેરકાયદે મદદ અને ચસમપોશી, એ બધાંનાં પેલા ગરીબ શ્રમજીવી આદિવાસી કુટુંબના હકની જમીન ઝૂંટવી લેવાનાં કારવાઇ કાવતરાં – એકેએક બીના કાગળિયે ચડાવી ઉઘાડી પાડી, સૌને નાકલીટી તણાવી. ભાઉ કાથોડીને જમીન પાછી અપાવી. છાપરાં પેલા વેપારીને ખરચે પાછાં ઊભાં કરાવી આપ્યાં.

આ ભાઉ કાથોડી તો મોટો ભડ માણસ નીકળ્યો. સત્યાગ્રહની લડતો દરમિયાન જેલ પણ  એ ગયેલો. એના મામલાની પતાવટ થઇ ગયા પછી બે-ત્રણ વાર થોડા થોડા દિવસને આંતરે એ થાણા આશ્રમમાં આવેલો. “સોટુભાય સે કે ?” કરીને પૂછે. પણ મારી સામે આવીને બેસી રહે.  હું પૂછું, ”મારી જોડે કંઇ કામ છે ?” પણ બોલે નહિ. બેસી રહે. બહુ પૂછું ત્યારે કહેશે, “સોટુભાયેં વાત નથી કરી ?’

વાત એમ હતી કે છોટુભાઇને એણે તક લઇને એક-બે વાર પૂછેલું :

“ઓલ્યું બામણું સાંજવેળા મમઈયેંથી આવતાં ઘણી વાર મારા ખેતરને શેઢે થઇને નીકળે છે. એને જોઉં છું ને મને આખે શરીરે જાણે વલૂર ઊપડે છે. કાળજામાં જાણે

કો'ક બાચકા ભરવા માંડે છે; ને મારી અંદર કોણ જાણે કાંય કાંય વલોવાટ થઇ જાય છે, મને કે'તાં નથી આવડતું કે કાય, પણ કાં'ક એવું થઇ આવે સે કે આને બોચીયેથી ઝાલીને ખેતરમાં ઢહડી જાઉં, ને મારા ધીંહરાનું એક બળદિયું છોડી આને જોતરીને બે-પાંચ સાહ કઢાવું ! બસ, આટલું કરૂં તો કેમ જાણે મારો કોઠો ઠરીને ટાઢોહેમ થાય. બે, ફક્ત બે જ સાહ, આ શેઢેથી હામાં હુધી  કઢાવું. ઝાઝા નંઇ !"

છોટુભાઇ એને પેરે પેરે સમજાવે : "ગાંડાભાઇ ! આપણાથી એવું નો થાય. આપણે મા'ત્મા ગાંધીનાં માણહ કે'વાયે. મા'ત્મા ગાંધીનો હકમ સે કે માથાના વાઢનારનેય આંગળી આપડાથી નો અડાડાય."

“પણ આમાં ચાં આપડે ઇનું માથું વાઢવું સે ? આ તો આટલું એક વાર કરવાની રજા આલો, તો મારી હૈયાટાઢક થાય. મા’ત્મા ગાંધીનો હકમ હાસો, હોનામો’ર જેવો. ઇ વાતમાં આપડી ના નંઇ. આપડે હંધાય મા’ત્મા ગાંધીના માણહૂ ઇમાં કાંય મારી ના થોડી જ  સે ? ને હવે તો હું તમારામાં ભળ્યો. તમારી હાયેં હા ને નાયેં ના. ઇ હારુ તો રોજ ઊઠીને પૂસવા આવુંસું - કે આટલી રજા આલો. તમારા હકમ વન્યા આપડે ઝાડના પાનનેય અડવું નંઇ, એટલી વાત જડબેસુલાખ. ઇમાં મીનમેખ નંઇ.”

અંતે છોટુભાઇ એને ફેંસલો આપે : ”થાણા આશરમમાં આવીને પેલા સોમી દાદાનો હકમ લઇ આવ. ઇ બધા મોટા માણહું કે’વાય. મા’ત્મા ગાંધીને રોજ કાગળ લખે, ને

મા’ત્મા ગાંધી ઇમને લખે; ને હકમ મોકલે. ઇ સોમી દાદો હકમ આલે, તો પસે મારી ના નંઇ, હવે કાંય રિયો વાંધો ? ભલે, આવજે આશરમમાં તારી ફરસુદે.”

આમ ભાઉ કાથોડી આશ્રમમાં આવે. મારા ઘૂંટણને બેઉ હાથે અડીને રામરામ કરે. ને સામો બેસે. હું કામ કરતો હોઉં તો મારી ઑફિસવાળા ઓરડામાં  મારી બેઠકની ગાદી સામે કલાકો બેસી રહે.  હું એકથી વધારે વાર પૂછું : ”શા કામે આવ્યા છો ? છોટુભાઇનું કામ છે કે મારું ?”

પણ બોલે નહિ. કલાકો વીતે. હું ફરી ફરી વાળી વાળીને પૂછું ત્યારે અંતે એટલું જ કહે : ”સોટુભાયેં તમને વાત નથી કરી ?”

અંતે એક દિવસ મારા બહુ આગ્રહ પછી એણે મને વાત કરી. છોટુભાઇને કરે એની એ જ. લગભગ એ જ શબ્દોમાં. અંતે કહે :

“મા’ત્મા ગાંધીનો રસ્તો હાવ હાસો. ઇમને પરતાપે જ સોટુભાય ને તમે સંધાય મોટા લોક અમારી આટઆટલી મદદ કરો સો, ને ઇમને પરતાપે જ મારી જમીન - સાપરાંનાં સંધાંય હારાં વાનાં થિયાં. ઇમને રસ્તે જ દુનિયાં બધીયેં હાલવું જોવે. મારેય ઇ બામણા હાર્યે હવેં કાંય વેર નથી રિયું, કે ઇનું માથું વાઢવાના વચાર કરું. ને હવે તો મા’ત્મા ગાંધીનો પિયાલો સોટુભાયેં પાયો, ને મેં પીધો.

“અટલે મા’ત્માનો મારગ તો સોડવો નંઇ નંઇ ને નંઇ જ. પણ આ તો મારા કાળજાનો વલૂરાટ ને વળવળાટ આટલા મટાડવા હારું પૂસુંસું. ઇનું માથું વાઢવાની તો વાત મારા પેટને બખોલમાંય હવે ક્યાંય નથી રઇ, ઇમ મા’ત્મા ગાંધીને બેલાશક લખો. તો પસેં આટલું કરવાની રજા ઇ જરૂર આલશે. મા’ત્મા પુરશ સે. કોયના અવળામાં રાજી નંઇ. અટલે આટલો હકમ મગાવી આલો.”

“શાનો હકમ ?”

“ઇ બામણાને એકવાર બોચીયેથી ઝાલીને ધીંહરે ઘાલી બે સાહ કાઢવાનો. બે જ ફક્ત. વધુ નંઇ.”

“અરે ગાંડા ભઇ.....”

“પણ તમતમારે પુસાવી તો જોવો. ઇમાં કાંય આપડું જાતું સે ? નંઇ આલવો હોય તો નંઇ આલે. ઇમના ઉપર—મા’ત્મા પુરશ ઉપર - આપડું જોર થોડુંક કાંય હાલવાનું ઉતું ? પણ આ તો મારા જીવને ઇમ, કે આટલો હકમ તમે પુસાવશો તો જરૂર આલશે. પછી બસ મારા જીવડાને કાળજે ટાઢક જ ટાઢક.”

એને સમજાવતાં છોટુભાઇના, મારા ને ભાઉસાહેબના દિવસો વીતેલા.

* * *

ભેજું બ્રાહ્મણનું, ખમીર ધરતીજાયા ખેડૂતનું. ને રોમરોમ જુધ્ધ વૃત્તિ. ઊગીને ઊભા થતાંવેંત સામા ચાલીને લડતાં જ શીખેલા. સિંહનું બચ્ચું છ મહિનાનું હશે, પણ મોટા મદઝરતા હાથી ઉપરેય ફાળ ભરશે. બળનો હિસાબ કરવા નહિ બેસે. લોહીમા6 જ એવો થનગનાટ ને ઉછાળો ઉંમર અનુભવની એને લગામ નહિ !

જુલમ અન્યાયને મૂંગે મોઢે તાબે થનારો માણસ લાંઠ શિરજોરને રીઢો બનવામાં સીધો સાથ દે છે. આવો માણસ એની માણસાઇમાંથી ખડી જાય, ખસ્સી થાય, નમાલો ને નામર્દ બની જાય. સદીઓ જૂના સામાજિક અન્યાય કે શોષણ હેઠળ સબડતાં

દીનદુખિયાં ભારેમૂવાંવના જેને ભેરુ થવું છે, તેણે સૌ પ્રથમ લડતાં શીખવું, અને પોતાનાં અસીલોનેય 'અરજાં' કરતાં નહિ પણ માથું ઊંચકીને લડતાં શીખવવું, એટલી એક એક જ રીત કે ટેકનિક એમની ગાંઠે હતી. કોઇના પણ વ્યક્તિત્વ કે કારકિર્દીને માપવા મૂલવવાનો એમનો એ જ ગજ હતો : જિંદગીમાં એ કેટલું લડ્યા ? જેને કદી લડવું જ ન પડ્યું , લડવાનો પ્રસંગ જ ક્યારેય ન આવ્યો, તેની જિંદગીમાં ઘાંચ છે, અચૂક ક્યાંક પોલું છે; કાં બૂતું જ એટલું ઊણું. આ મુદ્દા પર મોટા માંધાતાનાંય પાણી ઉતારે.

જુલમ જોરાવરી સામે જેનું લોહી ઊકળશે, ને જેની આંખ રાતી થશે, તે જ કોક દિવસ ગાંધીજીની અહિંસા સમજી શકશે. જેને ફૂંફાડો મારતાંય નહિ આવડે, જેની મરદાઇને

જ લકવો મારી ગયો છે, તે લડાઇ ધીંગાણે શી દોટ મૂકવાનો ? મરદાઇ એટલે જ માણસાઇ. આ હતી એમની રોજિંદું જીવન જીવવાની ફિલસૂફી.

ચાર્લ્સ મેકીનું The Coward (ધી કાવર્ડ) વાળું કાવ્ય છોટુભાઇના જીવનદર્શનને આબાદ બંધબેસતું છે. મેઘાણીજીએ મૂળ ઉપરેય સરસાઇ કરી જાય એવા ગુજરાતીમાં એને અમર કર્યું છે; આ રહ્યું એ :

“ધરા પર માહરે કોઇ શત્રુ નથી.”
- કાયરો એ અહંકાર ધરતા;
મર્દ કર્તવ્ય સંગ્રામના જંગમાં
લાખ શત્રુને રક્તે નીતરતા.

તું રિપુહીન હોવાની શેખી મ કર,
બંધુ ! નિર્વીર્ય એ દર્પ ગાવે;
બહાદુરો સત્યને કાજ નિર્મમ બની,
મિત્રની શત્રુતાયે વધાવે.

દેશદ્રોહી તણી કમર પર ત્રાટકી,
તેં નથી, મિત્ર, શું  ઘાવ દીધા ?
જૂઠડી જીભ પરથી શપથ-શબ્દને
તેં નથી, મિત્ર, શું ધૂળ કીધા ?

ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં,
બંધુ ! શું ખડગ લૈ તું ન ધાયો ?
સત્યના સ્વાંગ પે’રી ઊભું જૂઠ ત્યાં
ઝૂઝીને મિત્ર, શું નવ ઘવાયો ?

સૌમ્ય તું ! ભલો તું ! સંત, ભદ્રિક તું !
- ભાઇઅ, એ છે બધી તારી ભ્રમણા !
રંક તું, દીન તું, ભીરુ-કંગાલ તું -
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના

* * *

વાપીનાં વસવાટનાં દિવસો દરમિયાન અમારા છોટુભાઇનો એક ક્રમ થઇ પડ્યો કે અઠવાડિયામાં બે-ત્રણ દિવસ આસપાસનાં ગામો કે ફળિયામાં વસતા હરિજનો કે દૂબળાં લોકોના કાગળો લખી દેવા જવું. જોતજોતામાં આખી વસ્તીમાં ‘સોટુકાકા’ ગરીબોના બેલી થઇ પડ્યા.

અભણ-નિરક્ષર વસ્તીમાં હરિજન - દૂબળાંની બૈરીઓને કે ડોસીઓને તેમના ધણી - દીકરાઓ શહેરો (મોટેભાગે મુંબઇ) માં રળતા હોય તેમના પર ઘરખબરના કાગળો હરહંમેશ લખાવવાના હોય. ગામ પડોશનો કાપડી (દુકાનદાર વાણિયો) પેલીએ

આણેલું ત્રણ પૈસાનું પત્તું એક આનો લખામણી લઇને લખી આપે ! બાઇ ઘરકુટુંબના બધા સમાચાર લાંબી લાંબી વિગતે લખાવે, ને લખનારો કાપડી કાનમાં પૂમડાં ભર્યાં હોય તેમ સાંભળ્યે જાય. પછી ટાઢે કોઢે ચાર લીટી ચીતરી આપે !

બોલનારી ચાહે એટલું બોલી હોય; ઘરના ખુશીખબર, પોયરાંની તાવ ઉધરસ, ને પૈસાનું મનીઓર્ડર મોકલવાની તાકીદ ઉપરાંત બીજું કશું લખી આપવાના કાપડીએ સોગન ખાધા હોય ! બસ, લખામણીનો આનો લઇને પેલીને વદાય કરે. બાપડી બાઇ ઘણુંયે સમજે, કે પોતે વંચાવવા આવવાની ગરજ. એટલે વગર ફરિયાદે, લખેલું કાર્ડ લઇને ચોકી પરની ટપાલપેટીમાં નાંખે, ને ઘેર જાય !

આ દૃશ્ય, આવ્યાને બેત્રણ દિવસ જ થયા હશે ને, છોટુકાકાએ જોયું. લાગલો જ ઉપલો ક્રમ શરૂ થયો. ખીસામાં અડધો ડઝન કાર્ડ ઘાલીને નીકળે, ને ફળિયે ફળિયે ફરે :

“કેમ ડોહીમા, કેમ છેવ ? કાગલ લખવાનો કે ની ? આ હું આવેલો છેંવ.”

“હા, હા, આવોની ભાય, આવો, આવો, ગાંધી મા’ત્મા. ધન ભાએગ અમું લોકનાં. અમારે કાંય ની લખાવવો હોય ? તમે તો ધરમી લોક. મા’ઘેવના મંદિરમાં આવીને રે’યલા. કેમ ની ઓરખું ?”

પછી ડોસી ઘરમાં જઇ પોસ્ટકાર્ડ ક્યાંક મેલી રાખ્યું હોય, તે ફંફોસવા માંડે.

" એ કાંય કરો, માય ? આય હું ખિસ્સામાં જ કારડફારડ બધું તિયાર લી આવેલો જે !"

ડોસી ખુશખુશ થઇ જાય.મનમાં ગણગણે : "ગાંધી મા'ત્માનું લોક. ધરમી લોક. નીકર આવું તે વરી કોન કરે ?"

છોટુકાકા ઓટલાની કોરાણે બેસી કાર્ડ કલમ કાઢી લખવા માંડે. ડોસી સામે લખાવવા બેસે. ઘરની વહુઓ ને પોયરાં બીતેબીતે ખૂણેખાંચરે કે બારણાંની આડશે ઊભાં રહી તાલ જુએ. એકાદ ગોબરુ પણ હિમ્મતવાળું છોકરું વળી ડોસી પાસે આવી એના ખોળામાં ચઢી બેસે. અને છોટુકાકા લખતા હોય તે સામું તાકીતાકીને જોઇ રહે. ડોસી લખાવતી જાય ને છોટુકાકા લખે. ડોસી બોલતી જાય, ને બોલબોલ કાગળ પર

પડતો જાય : ”લખો — તાવ નાની પોરીની પૂંઠે પડેલો, ની મૂકતો. મોટી વહુ ઇના બાપને ઘેરે ભાત રોપવા ગેયલી. વાપીવારો વાનિયો હેઠ પૈહાનું વિયાજ ભરે જવા કે’. હું કિયાંથી દેંવ ? તુંને કે’યલું કે દિવાહા અગાઉ પસાહ રૂપિયાનું મનીઆડર કરી મૂકજે. પન આય આથમનો મઇનો થિયો, ને ભાદરવો હઉ આવહે, પન તારા પૈહાનો પત્તો ની મલે.

“લખો — ભીખલો, ઇનો છા’બ વેલાત ચાલી ગિયો. તી દા’ડાનો ધંધા વના બેથો સે. ઉદવાડાના પારહી મંભઈ લી ગેયલા. પન બે મઇનામાં પાસો આવી રિયો. માંટી મરદથી આમ ઘેર આંગને કેટલાં બેહી રેવાવાનું ઉતું ? તું ઇને મંભઈ બોલાવી લેવ.

મારાથી ઈને આય પરમાને તાડીને માંડવે દા’ડો બધો પીને પડી રે’યલો ની જોવાતું.”

ખાસી દસ મિનિટનું ડિક્ટેશન. લખવાને છેડે છોટુકાકા આખો કાગળ પહેલેથી છેલ્લે લગણ ડોસીને વાંચી સંભળાવે. બોલેલો જ બોલે બોલ. ટૂંકાક્ષરીમાં લીધો હોય તેમ, ફરી પાછો ડોસીને કાને પડે. ને ડોસી ડોલે !

ફળિયાની હરિજનબાઇઓ ભેળી થાય, સાંભળે, ને કોઇ પત્તું લાવી હોય તે છોટુકાકાની આગળ ધરે. કાકા ન લે. પોતાનું જ ખીસામાંથી કાઢે, ને એનું ય લખી આપે. એ જ

લખનાર, ને એ જ લખાવટ. લખીને આખું એનેય પાછું વાંચી સંભળાવે. લખામણી ન લે. ને કાપડીથી દસ ગણું લખી આપે !

પછી ટપાલમાં પણ “હું જ લાખી દેવા “કહી છોટુકાકા ઘણાઘણા હેતે કરીને ડોસીની વિદાય લે; ને બીજે ફળિયે જાય, કે ઘર ભણી વળે. લખેલા કાગળો સાથે લીધા હોય તે ટપાલપેટીમાં નાંખે. કોક વાર વળી રિપ્લાય કાર્ડો પણ લખી આપે; ને અઠવાડિયામાં જવાબ આવી પહોંચે ત્યારે લખાવનારી હેરત થઇ જાય. કોઇના મનીઓર્ડર પણ આવી પૂગે.

બીજે કે ત્રીજે દિવસે વળી પાછો એ જ ક્રમ ચાલે. છોટુકાકાને દૂરથી આવતા જોતાંવેંત હરિજન-દૂબળીઓ ફળિયા આંગણામાં દોડાદોડ કરી મૂકે ! આવેલા કાગળ વંચાવવા ઘરના ખૂણા ફંફોસવા માંડે; ને જવાબો લખવવા તલપાપડ થાય.

એક આંગણે છોટુકાકાને કોઇ વસમી હરિજનબાઇ ધૂંઆપૂંઆં થતી ધણીને આકરો કાગળ લખાવતી હોય; તો બીજે આંગણે બે હરિજનબાઇઓ માંહોમાંય ગુસપુસ કરતી સોટુકાકાની સમજશક્તિનાં ને ગાંધી મા'ત્માના ઉપકારનાં વખાણ વાંચતી હોય :

"આ મા'ત્મા ગાંધી હઉ દુનિયાના મા'ત્મા થઇ ગિયા. પડી કે હમઝ ? ઇની દયાનો પાર નીમ્રે. વાનિયા-ભાથેલાને ઇણે પાધરાદોર કરી દીધા. ઘેરાં-દૂબરાંનું નામ ની લે.

આય સોટુકાકો તીનો જ ચેલો સે. કાંય એની હમઝ, ને કાંય એની ઇયાદસક્તિ ! આપણે કે'તાં થાકિયેં, પન ઇ લખતો ની થાકે ! અને લખે પન પાસું કેવું ? નીકર મૂઓ કાપડી લખ્ખોદિયો, આપણે ગમે એટલું કેયેં - તીને તીનું કાંયે ની'મ્રે. ઇ તો ચાર અખ્ખર પાડેને કે'હે : લાવ, આનો લખામણીનો !"

"ને આય સોટુકાકો ? કાંય વાત ઇની કે'વ ? લખે તે કાંય લખે ! ને પાસું અખરેઅખર વાંશી હંભરાવે. લખાવિયું હોય તીનું તી જ પાસું તમે હાંભરો. બોલેબોલ. બસ. નરું પોનુગરાપ હાંભરી લેવ ! "અને વલી કારડ પોત્તીકું ખીસામાંથી કાઘે. પૈહા આપવા કરીયેં તો ની લે. તે ની જ લે. ને પાસો લખીને જાત્તેપોત્તે તપાલમાં જઇને લાખી આવે ! પરભુ મા'ત્મા ગાંધીને લાખ વરહના કરે. ઇને દુનિયાંને તારી દીધી !"

એક વાર હું ઉદવડે રણજિત દાક્તરને દવાખાનેથી દવા લઇને આવું. રેલફાટક ભણીથી મોટરબસ આવી, ને એક દૂબળી ઊતરી. છોટુકાકા ઓટલે કોઇનો કાગળ લખી આપેલો તે વાંચી સંભળાવે. અદબથી એક કોરાણે ઊભી રહી. ઓળખીતી લાગી.

પૂરું કરી છોટુકાકાએ ઊંચું જોયું. હસીને કહે :

“તું વરી કિયાંથી આવી લાગી ? ચૌદહે અમાવાસ !”

પેલી કહે : “સોટુકાકા ! તુકવાડે જતી ઉ’તી. તમુંને જોયા, ને ઊતરી પડી. હાંભરો. આય મારો સોટુ બે મઇના થિયા મંભઇ ગેયલો સે. એક વાર કાગજ આવિયું તે માપ.

કાગજ જ મોકલતો ની સે. (ગળે ડૂમો આવે છે.) ઇને કાંય સમઝ સે, ઇની માયને કાંય કાંય થાતું ઓહે ? (જરાવાર મૌન) સોટુકાકા, ઇને લખી દેવ, કે'આય કાગજ દેખતાની ઘડીયેં આવતો રે.' લખી દે'વ, તારી માય બઉ માંદી સે. મોઢું જોવું હોય તો આવી રે. હાસું કઉંસું, સોટુકાકા ! મારે તો ઇને મોકલવો જ ની ઉ'તો. પન હમારા હેઠે (શેઠે) કાંય હાંભર્યું જ ની'મ્રે."

છોટુકાકાએ લાંબો કાગળ લખી આપ્યો. પછી કહે : "હરનામું કાંય કરું ?"

પેલીએ કાગળ જ જાણે નવો લખાવવા માંડ્યો :

“લખોની, લખી દેવની – ભાય તપારવારાને માલમ થાય જે, બાપા ! આત્લું આય મારું કાગજ, અમારા વા’લા પોયરા સોટમની કેડકમ્મરમાં પુગાડજે. હાથોહાથ તરત પુગાડજે, મારા બાપ ! ભગવાન તારું ભલું કરહે !”

“પણ ઠેકાણું ?”

“લખોની. લખી દેવની — થેકાનું એવું સે જે, ઝવેરીબજાર, ખારા ફૂવાની પાંહે, ગિલાન લોટ (ગ્રાંટ રોડ) વારા પારહીનો મારો સે; તિમાં અમારા પરિયા ઉદવાડાના વાનિયા લોક રેતા સે. તેને ઘેર વાંહણ ધોતો માંજતો સે, અમારો સોટમ. તીને પૂગે. અમારા સોટમને હાથોહાથ પૂગે.”

“પણ હેઠનું નામ કાંય લખું ?”

“અમારો હીરૂ હેઠ વરી, તિમાં કાંય પૂસો ? હઉ ઓરખે. બીજો કુન હેઠ આવવાનો ઉતો જે ? મોટા હેઠનો પોયરો.”

છોટુકાકાએ કવર બીડી ઉપર ટિકિટ લગાડી. જોઇને કહે : “લખો, સો પૈહાનું તિકટ લગાવિયું સે, સોકહ કાંમ કીધું સે. મંભઇ હેર મોતું સે. રહતે કોઇ નરહું માણહ તિકત ઉખારી લેય, તો તિમાં અમારે કાંય નીમ્રે.”

બસ, પહેલવહેલી વાર છોટુકાકાને “મૂઆ લખ્ખોદિયા’ કાપડીનું અનુકરણ કરવું પડ્યું !

સાધુ નહિ; સાધના વગેરે કશું ન કર્યું; ઉમર આખી સૌના જેવા સંસારી જ રહ્યા. ખાય પીએ, ગુસ્સે થાય. ભલા ચમરબંધીનુંયે મોઢું તોડી લે. વસમી જીભ, ફૂંફાડો જબરો, પણ દિલમાં ડંખ ન મળે. આશ્રમ, સંઘ, સંસ્થા કે વ્યક્તિ કોઇને માટે એમને જોગવવા—જીરવવાનું સહેલ નહોતું. પણ દેખીતી ઉગ્ર સ્વભાવ હેઠળ કુમળું જિગર અને જિંદાદિલી હદપારની. સાચું વેદાંત જીવનમાં પચાવ્યું હોય એવા બહુ ઓછા માણસો મેં જોયા છે.

જિંદગીનો ભાર એમને કદી ન લાગ્યો. ‘ફેધરવેટ’ [પીછાં જેવા હળવાફૂલ] રહીને જિંદગી જીવ્યા અને એ જ અદાથી દુનિયાની રુખસદ લીધી.

**લોકમિલાપ ટ્રસ્ટની સુંદર અને વિચારભાથું આપતી ખીસાપોથી મેળવવા માટે :**

# લોકમિલાપ

પો.બો. 23 (સરદારનગર), ભાવનગર 364001

e-mail: lokmilaptrust2000@yahoo.com /ફોન (0278) 256 6402